પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૨ | ૨૩ જાન્યુઆરી, ૨૦૨૧, શનિવાર; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂત હઠ : ૧૧મી બેઠક પણ અનિર્ણિત

## નવો પ્રસ્તાવ ન આપતા ખેડૂતો સાથે સરકારની બેઠક અનિર્ણિત : ૧૧મા તબક્કાની બેઠક બાદ પણ મડાગાંઠ યથાવત

## તમામ પ્રસ્તાવ આપી દીધા હોઈ તે સિવાયના વિકલ્પો ખેડૂતોને લાવવા કહી સરકારે ચર્ચા માટે તારીખ ન આપી

નવી દિલ્હી, તા. ૨૨

કૃષિ કાયદાઓ ને લઈને ખેડૂત સંગઠનો અને કેન્દ્ર સરકારની વચ્ચે શુક્રવારના ચાલી રહેલી ૧૧મા તબક્કાની બેઠક ફરી એક વખત અનિર્ણિતતા સાથે સમાપ્ત થઈ ગઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે સરકાર તરફથી વધુ કોઈ તારીખ આપવામાં આવી નથી. આજની બેઠકમાં સરકારે યૂનિયનોને આપેલા સંભવિત વિકલ્પો વિશે જણાવ્યું અને કહ્યું કે તેમણે કાયદાઓને સ્થગિત કરવાના પ્રસ્તાવ પર આંતરિક ચર્ચા કરવી જોઈએ. કેન્દ્ર સરકારનું કહેવું છે કે તેમણે ખેડૂતોને તમામ પ્રસ્તાવ આપી દીધા છે, પરંતુ જો ખેડૂતોની પાસે સારો વિકલ્પ છે તો તેઓ સરકારની પાસે આ લઈને આવી શકે છે.

રિપોર્ટ્સ પ્રમાણે સરકારે કૃષિ કાયદાઓને લઈને સતત ચાલી રહેલી બેઠકોનું કોઈ પરિણામ ના નીકળતું જોઈને પોતાનું વલણ સખ્ત કરી લીધું છે. કહેવામાં આવી રહ્યું છે કે સરકારે ખેડૂતોને કહ્યું છે કે સૌથી સારો અને અંતિમ પ્રસ્તાવ તેમને આપવામાં આવી રહ્યો છે. આગળ વધુ કોઈ પ્રસ્તાવ નહીં આપવામાં આવે. ખેડૂત યુનિયનોએ આ બેઠકમાં પણ સરકારને કહ્યું કે, ત્રણેય વિવાદાસ્પદ કૃષિ કાયદાઓને





સંપૂર્ણ રીતે રદ્દ કરવામાં આવે. બેઠક બાદ ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે, સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે ૧.૫ વર્ષની જગ્યાએ ૨ વર્ષ સુધી કૃષિ કાયદાઓને સ્થગિત કરીને ચર્ચા કરી શકાય છે.

તેમણે કહ્યું કે જો આ પ્રસ્તાવ પર ખેડૂતો તૈયાર છે તો કાલે ફરીથી વાત કરી શકાય છે, બીજો કોઈ પ્રસ્તાવ સરકારે નથી આપ્યો. રાકેશ ટિકૈતે કહ્યું કે, ૨૬ નવેમ્બરના પ્રસ્તાવિત ટ્રેક્ટર રેલી પહેલાની માફક જ આયોજિત કરવામાં આવશે. ખેડૂત સંગઠનો આજની બેઠકમાં સરકારના વલણથી નારાજ જોવા મળ્યા. ખેડૂત મજૂર સંઘર્ષ કમિટીના નેતા એસએસ પંઢેરે કહ્યું કે, મંત્રીએ અમને સાડા ત્રણ કલાક સુધી રાહ જોવડાવી. જ્યારે તેઓ આવ્યા તો તેમણે અમને સરકારના પ્રસ્તાવ પર વિચાર કરવા કહ્યું અને કહ્યું કે, તેઓ બેઠકોની પ્રક્રિયા સમાપ્ત કરી રહ્યા છે. આંદોલન શાંતિપૂર્ણ રીતે ચાલુ રહેશે. જો કે કેન્દ્ર સરકારે ખેડૂત નેતાઓને ૧૨-૧૮ મહિના સુધી આ કાયદાના સ્થગિત રાખવા સંબંધિત તેના પ્રસ્તાવ પર પુનઃવિચાર કરવા કહ્યું છે. લગભગ ૨ મહિનાથી ચાલી આવી રહેલા અવરોધને ખત્મ કરવા માટે બંને પક્ષોની વચ્ચે આજે ૧૧માં સ્તરની વાતચીત થઈ. બુધવારના થયેલી વાતચીતના આગળના સમયમાં સરકારે ત્રણેય કૃષિ કાયદાઓને સ્થગિત રાખવા અને સમાધાન નીકાળવા માટે એક સંયુક્ત સમિતિ બનાવવાની રજૂઆત કરી હતી. જો કે ગુરૂવારના વિચાર-વિમર્શ બાદ ખેડૂત યૂનિયનોએ આ રજૂઆતને ફગાવવાનો નિર્ણય લીધો અને તેઓ આ કાયદાઓને રદ કરવા અને એમએસપીની કાયદાકીય ગેરંટીની માગ પર મક્કમ રહ્યા હતા.

## કોંગ્રેસના અધ્યક્ષની ચૂંટણી જૂન માસમાં યોજવામાં આવશે

નવી દિલ્હી, તા. ૨૨

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની આગેવાનીમાં આજે શુક્રવારે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મળી. કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં એક મહત્વની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસમાં અધ્યક્ષ પદની ચૂંટણી આ વર્ષે જૂન મહિનામાં યોજાશે. આ વર્ષે યોજાનારી વિભાનસભાની ચૂંટણીઓ બાદ કોંગ્રેસ પાર્ટી સંગઠનની ચૂંટણી કરશે. અગાઉ લોકસભા ચૂંટણી ૨૦૧૯ બાદ રાહુલ ગાંધીએ અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું હતું. તે બાદ સોનિયા ગાંધી અધ્યક્ષ પદે છે. જો કે, કયાસ લગાવવામાં આવી રહ્યાં છે કે રાહુલ ગાંધીને ફરી અધ્યક્ષ બનાવવામાં આવશે, જ્યારે ઘણી વખત ગાંધી પરિવારથી અલગ અધ્યક્ષ બનાવવાનો સૂર પણ પાર્ટીમાં ઉઠ્યો છે.

## ભારત-અમેરિકાના સંબંધ મજબૂત થશે : બાઈડન

### રાષ્ટ્રપ્રમુખ જો બાઇડન બંને દેશોની વચ્ચે લાંબા સમયથી ચાલ્યા આવતા દ્વીપક્ષીય સફળ સંબંધોનું સન્માન કરે છે

વોશિંગટન, તા.૨૨

અમેરિકામાં જો બાઈડનએ નવા રાષ્ટ્રપ્રમુખ અને કમલા હેરિસએ ઉપરાષ્ટ્રપ્રમુખ તરીકે કાર્યભાર સંભાળી લીધો છે. આ દરમિયાન વ્હાઈટ હાઉસએ કહ્યું છે કે જો બાઈડન અને કમલા હેરિસના કારણે ભારત-અમેરિકાની વચ્ચે સંબંધ વધુ મજબૂત થશે. વ્હાઈટ હાઉસની પ્રેસ સચિવ જેન સાકીએ કહ્યું કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન બંને દેશોની વચ્ચે લાંબા સમયથી ચાલ્યા આવતા દ્વીપક્ષીય સફળ સંબંધોનું સન્માન કરે છે. બાઈડને બુધવારે અમેરિકાના ૪૬મા રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધા હતા. બાઈડન પ્રશાસનમાં ભારત-અમેરિકાના સંબંધ પર એક સવાલના જવાબમાં સાકીએ કહ્યું કે, રાષ્ટ્રપ્રમુખ બાઈડન અનેકવાર ભારતની યાત્રા કરી ચૂક્યા છે. તેઓ ભારત અને અમેરિકામાં નેતાઓની વચ્ચે લાંબા સમયથી ચાલ્યા આવતા સફળ દ્વીપક્ષીય સંબંધોનું સન્માન કરે છે, તેનું મહત્ત્વ સમજે છે. બાઈડન પ્રશાસન તેને આગળ ધપાવાની દિશામાં આશાવાદી છે.તેઓએ કહ્યું કે, ભારતીય મૂળની કમલા હેરિસના ઉપરાષ્ટ્રપ્રમુખ બનવાથી આ સંબંધ વધુ મજબૂત થશે. સાકીએ કહ્યું કે, બાઈડને તેમની (હેરિસની) પસંદગી કરી છે અને તેઓ પહેલી ભારતવંશી છે જે અમેરિકાની ઉપરાષ્ટ્રપ્રમુખ બની છે. નિશ્ચિત રીતે આ આપણા સૌ માટે એક ઐતિહાસિક ક્ષણ છે ઉપરાંત તેનાથી આપણા સંબંધો પણ વધુ મજબૂત થશે.

## ભજન ગાયક નરેન્દ્ર ચંચલનું ૮૦ વર્ષની વયે દુઃખદ નિધન

નવી દિલ્હી, તા. ૨૨

પ્રસિદ્ધ ભજન ગાયક નરેન્દ્ર ચંચલનું ૮૦ વર્ષની વયે નિધન થયું છે. નરેન્દ્ર ચંચલના નિધનના સમાચાર સાંભળીને તેમના ફેન્સ અને બોલિવૂડમાં શોકની લાગણી ફેલાઈ છે. જ્યારે તેમના નિધન અંગે પીએમ નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કરતાં લખ્યું કે, લોકપ્રિય ભજન ગાયક નરેન્દ્ર ચંચલના નિધનના સમાચારથી ખૂબ દુખ થયું. તેમણે ભજન ગાયિકાની દુનિયામાં પોતાના અવાજથી વિશિષ્ટ ઓળખ બનાવી. શોકની આ પળમાં મારી સંવેદનાઓ તેમના પરિવારજનો અને પ્રશંસકો સાથે છે. છેલ્લા કેટલાક સમયથી તેમની સારવાર દિલ્હીની અપોલો હોસ્પિટલમાં ચાલી રહી હતી. તેમણે ઘણા પ્રસિદ્ધ ભજનો સાથે હિંદી ફિલ્મ્સમાં પણ ગીતો ગાયા હતા.

## ભારત પાડોશી ધર્મ નિભાવશે પાકને પણ વેક્સિન આપી શકે છે

### ભારત તરફથી પડોશી દેશોને મદદ કરાઈ રહી છે : ભારત અત્યાર સુધીમાં બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન અને માલદીવને વેક્સિનના લાખો ડોઝ મોકલી ચૂક્યું છે

નવી દિલ્લી, તા.૨૨

કોરોના વાયરસને મ્હાત આપવા માટે ભારત તરફથી પડોશી દેશોને સતત મદદ કરવામાં આવી રહી છે. ભારત અત્યાર સુધીમાં બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન અને માલદીવને કોરોના વેક્સીનના લાખો ડોઝ મોકલી ચૂક્યું છે. ભારતીય વેક્સીનની દુનિયાભરમાં જોરદાર ડિમાન્ડ છે. અત્યાર સુધી લગભગ ૯૨ દેશોએ ભારત સરકાર પાસેથી વેક્સીન ખરીદવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. એવામાં સવાલ ઉઠે છે કે શું પડોશી દેશ પાકિસ્તાનને પણ ભારત તરફથી વેક્સીનના ડોઝ મળી શકે છે? મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો નેબરહુડ ફર્ટ્એ પોલિસી હેઠળ ભારત પોતાના પડોશી અને નજીકના દેશોને કોરોનાની વેક્સીન મોકલી રહ્યું છે. અંગ્રેજી અખબાર મુજબ, પાકિસ્તાન પણ ભારતથી વેક્સીન લેવા માંગે છે. તેના માટે પાકિસ્તાનની પાસે બે રસ્તા છે. પહલો એ કે ઈમરાન ખાનની સરકાર પીએમ મોદીને પડોશી હોવાના કારણે વેક્સીનની ડિમાન્ડ કરી શકે છે. ભારત નેબરહુડ ફર્સ્ટ પોલિસી હેઠળ પાકિસ્તાનને વેક્સીન આપી શકે છે. જ્યારે પાકિસ્તાનની પાસે બીજો રસ્તો છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના માધ્યમથી આ વેક્સીન લે. મૂળે કોવેક્સ નામનું એક સંગઠન છે જેના માધ્યમથી ૧૯૦ દેશોની ૨૦ ટકા જનસંખ્યાને મફતમાં વેક્સીન આપવામાં આવે છે. પાકિસ્તાન પણ તેનો સભ્ય દેશ છે.

## કર્ણાટકમાં ડાયનામાઈટ બ્લાસ્ટ, ૮નાં મોત

### બેંગલુરુથી લગભગ ૩૫૦ કિલોમીટર દૂર આવેલ શિવમોગામાં ડાયનામાઈટ બ્લાસ્ટની તીવ્રતા એટલી ભયાનક હતી કે અનેક મકાનોના કાચ તૂટ્યા, દિવાલમાં તિરાડો પડી, લોકો ઘરેથી બહાર દોડી આવ્યા

બેંગલુરુ, તા.૨૨

કર્ણાટકના શિવમોગામાં મોડીરાત્રે ડાયનામાઈટ બ્લાસ્ટમાં ૮ લોકોના મોત થયાના સમાચાર છે. કર્ણાટકના કેટલાક ભાગોમાં મોડી રાત્રે આંચકા અનુભવાયા હતા. બેંગલુરુથી લગભગ ૩૫૦ કિલોમીટર દૂર આવેલા શિવમોગામાં લોકોએ જોરથી અવાજ સાંભળવાની વાત કરી છે. આ ઘટના ૨૧ જાન્યુઆરીએ રાત્રે ૧૦.૨૦ વાગ્યે બની હતી. વિસ્ફોટ એટલો ઝડપી હતો કે ઘણા મકાનોના કાચ તૂટી ગયા હતા. લોકો અનુમાન લગાવી રહ્યા હતા કે આ અવાજ ભૂકંપ હોઈ શકે છે અથવા જેટના પરીક્ષણવી હોઈ શકે છે. પરંતુ હવે ખબર પડી છે કે તે ડાયનામાઈટ બ્લાસ્ટ હતો.

ઘટના અંગે સોશિયલ મીડિયા પર પહેલેથી જ બ્લાસ્ટમાં







કેટલાય લોકોના મોતના સમાચાર વહેતા થયા હતા. હવે શિવમોગાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ શિવકુમારે કહ્યું છે કે હુનાસોડુ ગામમાં રેલ્વે ક્રશર સાઈટ પર થયેલો બ્લાસ્ટ ડાયનામાઈટનો હતો, જેમાં ઓછામાં ઓછા ૮ લોકોનાં મોત નીપજ્યાં છે.

વિસ્ફોટ શિવમોગા શહેરથી આશરે છ કિલોમીટરના અંતરે થયો હતો. અત્યારે પોલીસ સ્થળ પર છે અને આખા વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. પોલીસ ફોર્સ સ્થળ પર હાજર છે અને ઘટનાના કારણ અને ગંભીરતાની તપાસ કરવાના પ્રયાસો ચાલુ છે.

વિસ્ફોટના અવાજ સાંભળીને લોકો ગભરાઈ ગયા હતા અને ઘરથી બહાર આવી ગયા અને શેરીઓમાં ભેગા થઈ ગયા. લોકો એક-બીજા સાથે વાત કરી રહ્યા હતા કે અવાજ શેનો છે. લોકો ભૂંકપ છે કે કંઈક બીજુ તેવા પણ સવાલો કરી રહ્યા હતા.

## પૂર્વ મુખ્ય જજ-સાંસદ રંજન ગોગોઈને ઝેડ પ્લસ સુરક્ષા

નવી દિલ્હી, તા. ૨૨

દેશના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને રાજ્યસભા સાંસદ રંજન ગોગોઈને કેન્દ્રમાં મોદી સરકારે ઝેડપ્લસ સિક્યુરીટી પ્રદાન કરવામાં આવી છે. પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈને દેશભરમાં ક્યાંય પણ જવા-આવવા માટે ઝેડ પ્લસ સુરક્ષા અપાઈ હતી.

નવેમ્બર ૨૦૧૯માં પૂર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પીઠે અયોધ્યામાં રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો. ૪૦ દિવસ ચાલેલી સુનાવણી પછી ૫ જજોની બેન્ચે વિવાદાસ્પદ જમીન પર રામ મંદિર બનાવવા માટે આદેશ આપ્યો હતો. પૂર્વ ચીફ જસ્ટીસે નિવૃત્ત થવાના ઠીક પહેલા આ ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. તેઓ એજ મહિને નિવૃત પણ થયા હતા. ગત વર્ષે માર્ચમાં પૂર્વ ચીફ જસ્ટિસને રાજ્યસભાની સભ્યતા લીધી છે. એ સમયે વિપક્ષ દ્વારા તેમનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. રંજન ગોગોઈએ ભારે હંગામા વચ્ચે શપથ ગ્રહણ કર્યા હતા. જે પછી વિપક્ષ નેતાઓએ વોકઆઉટ કર્યુ હતું.

## દેશમાં રિકવરી રેટ વધીને ૯૬.૮% થયો

નવી દિલ્હી, તા.૨૨

ભારતમાં કુલ ૧૦,૪૩,૫૩૪ લોકોને કોરોના વેક્સીનેશન કાર્યક્રમ હેઠળ પહેલો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. પરંતુ છેલ્લા થોડાક દિવસમાં કોરોના સંક્રમિતના કેસોમાં આંશિક વધારો પણ જોવા મળ્યો છે. પણ રાહતની વાત એ છે કે રિકવરી રેટ વધતાં મૃત્યુઆંક ૨૦૦થી નીચે આવી ગયો છે.

શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૪,૫૪૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૬૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.

દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૦૬,૨૫,૪૨૮ થઈ ગઈ છે. ભારતમાં કુલ ૧૦,૪૩,૫૩૪ લોકોને કોરોના વેક્સીનેશન કાર્યક્રમ હેઠળ પહેલો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. પરંતુ છેલ્લા થોડાક દિવસમાં કોરોના સંક્રમિતના કેસોમાં આંશિક વધારો પણ જોવા મળ્યો છે. પણ રાહતની વાત એ છે કે રિકવરી રેટ વધતાં મૃત્યુઆંક ૨૦૦થી નીચે આવી ગયો છે.

## પશ્ચિમ બંગાળમાં વધુ એક મંત્રીનું રાજીનામું

કોલકાતા, તા. ૨૨

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસમાંથી ટોચના મંત્રીઓ મમતાદીદીનો સાથ છોડીને જવાનો સિલસિલો હજી પણ યથાવત્ છે. મમતા સરકારમાં વન મંત્રી રાજીવ બેનરજીએ પોતાના પદેથી રાજીનામું આપ્યું છે.

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

BIRTH CENTENARY



23rd January, 2021
Late Hargovind Kalidas Mewada
(H. K. Mewada)
B. Arch. & M. Arch (Cornell University, USA) 1948-49. Master of Science, City & Regional Planning, (University of Illinois, USA) 1950. Retired, Chief Town Planner & Architectural Advisor, Roads & Buildings Dept. & Special Secretary, Urban Development Dept. Govt. of Gujarat. Past President, Institute of Town Planners, India.
You rose from very humble settings, always aiming at the highest standards of integrity and honour. You not only helped and took care of those nearest to you but also relatives, friends and the community. You will be forever in our hearts and mind. On your birth centenary, fondly recollecting, the grand person you were.
H. K. Mewada Family (Saurabh Society, A'bad.)